શેઠ હરભમજી નરશી નાથા તરફથી ભેટ.

શ્રી.

જૈન ધર્મ શિક્ષણ.

પુસ્તક પેહેલું.



રાવ સાહેબ શેઠ વસનજી ત્રીકમજી જે. પી ના આશ્રયથી.

પ્રસિદ્ધ કર્તા.

શ્વેતાંબર શ્રેયસ્કર વર્ગ.

વીર સંવત્ ૨૪૩૬ પ્રત ૨૦૦૦,

શ્રી

જૈન ધર્મ શિક્ષણ.

પુસ્તક પેહેલું.

આ પુસ્તક કર્તા

યતિવર્ય મનસુખલાલજી નેમચંદજી.

છપાવી પ્રસિદ્ધ કરનાર

શ્વેતાંબર શ્રેયસ્કર વર્ગ.

આવૃત્તિ ૨ જી-નકલ ૨૦૦૦.

ધર્મવિજય પ્રેસના માલેક હરજીવન ભગવાને છાપ્યું

ઠે. ન. ૫૭૨. પાયધુની ગોડીજીની ચાલ-મુંબઈ.

સંવત ૧૯૬૬ સન ૧૯૧૦

શ્રી જૈન ધર્મ શિક્ષણ પુસ્તક બીજું તૈયાર છે કોઇ સખી ગૃહસ્થની ઈચ્છા છપાવી મફત વેહેંચી દેવાની હોય તો અમે આપવા તૈયાર છીએ.

શ્રી જૈન શ્વે૦ શ્રેયસ્કર વર્ગ ઓફીસ.
કામાટીપુરા બીજી ગલી નં૦ ૧૫૩.



દશા ઓશવાળ જ્ઞાતિના

શેઠ હરભમજી નરશી નાથા.

અર્પણ પત્રિકા

શ્રી કચ્છનિવાસી કચ્છીદશા ઓસવાળ જ્ઞાતિના અગ્રેસર તથા
શુભેચ્છક તરીકે જે પુરૂષનું નામ આ લોકમાં અમર રહી ગયું
છે અને જે પુરૂષે પોતાની તે જ્ઞાતિના કોઈ પણ મુંબઈ
આવનારા આધાર તથા આશ્રય વગરના બંધુને હરેક
પ્રકારનો આધાર તથા આશ્રય આપી રસ્તે ચડા-
વવાનું માન મેળવ્યું છે તે સ્વર્ગસ્થ શેઠ

નરસી નાથા

ને

પગલે ચાલી તેમના સુપુત્ર રૂપે જેમણે પોતાની ઉજ્વલ
કીર્તિ ઠામઠામ પ્રસરાવી છે અને જેમનું નામ જેઓ
તેમના આશ્રયથી ધનાઢય બની હાલ પણ જેવાને તેવા
સુખી રહ્યા છે તેઓ એક પ્રભાતના પ્રહર જેવું માને
છે તથા સમસ્ત કચ્છી દશા ઓસવાળ જ્ઞાતિમાં
જે કાંઇ જીવન અદ્યાપિ પણ દેખાય છે તે પણ
જેમની દિલસોજી ભરેલી કાળજીને આભારી
છે તે

મર્હુમ શેઠ

હરભમજી નરસી નાથાને

આ પુસ્તક

તેમના એવાં સત્કાર્યોના ચિન્હો આ ભૂમંડલમાં દર્શાવવા
તથા તેમનું પવિત્ર તથા ઉત્તમ ઉદાહરણ અન્ય
સદ્‌ગૃહસ્થોને આપવા

હું

પ્રેમપૂર્વક અર્પણ કરૂં છું   કર્તા

પહેલી આવૃત્તિની અર્પણ પત્રિકા.

રાવ સાહેબ શેઠ વસનજી ત્રીકમજી

જસ્ટિસ ઑફ ધી પીસ. મુંબઇ.

વ્યાપારી વર્ગમાં આપ નામીચા અને લોક હિતકા-
રક છો. વિદ્યા વૃધ્ધીના કામમાં તથા વિદ્વાનોને
આશ્રય આપવામાં ઉત્સાહી છો. જૈન ધરમનાં
કામમાં આપ અગ્રેસર છો. શ્રીમાન માણ-
સોયે દુનિયામાં કેમ વરતવું અને દ્રવ્યનો
સન્માર્ગે વ્યય કેવીરિતે કરવો એ આપ
સારી પેઠે જાણોછો; -ઇત્યાદિ કામોમાં
પરમાર્થિક વૃતિ અને ગંભીર
સ્વભાવ અને વિદ્વાનો ઉપર
પ્રીતિ હમેશાં જોવામાં આવે
છે, તેનું યાવચ્ચંદ્ર સ્મરણ
રહે, એવા હેતુથી આ
લઘુ પુસ્તક આપનેજ
અર્પણ કરવાંમાં
આનંદ
માનું
છું.

તા૦ ૧-૧ ૯૭ પ્રસિદ્ધ કર્તા

અર્પણ પત્રિકાની કવિતા.

સ્વધર્મિ શેઠ વસનજી
પદ જસ્ટિસ ઑફ ધી પીસ
કર્યું બક્ષીસ બ્રિટિશ મહારાજે
શુરવીર નરજી. એ. ટેક

જૈન ધર્મમાં આપ દિપતા,
શ્રાવક કુળ શણગાર;
ઓશવાળ જ્ઞાતિમાં શેઠજી,
આપ વડા સરદાર. શુરવીર નરજી. સ્વ૦ ૧

મુંબઇમાં પણ મોટે માને,
આપ તણું છે નામ;
ધર્મ તણા આશ્રયના આપે,
મોટા કીધા કામ. શુરવીર નરજી. સ્વ૦ ૨

જૈન ધર્મ શિક્ષણની પોથી,
નવીન પાડવી બહાર;
અર્પણ પત્રિકા તે કેરી,
આપ કરો સ્વિકાર. શુરવીર નરજી. સ્વ૦ ૩

બાળમિત્રની અરજ સ્વિકારી,
કરો એટલું કામ;
મનસુખ કહે પ્રભુ પાર્શ્વજી આપનૂં
ચીરંજીવ કરે નામ. શુરવીર નરજી. સ્વ૦ ૪

श्री जीनायनमः

શ્રી જૈન ધર્મ શિક્ષણ.

પુસ્તક પહેલું.

શ્રી નવકાર મંત્ર.

નમો અરિહંતાણં

નમો સિદ્ધાણં

નમો આયરિયાણં

નમો ઉવઝ્ઝાયાણં

નમો લોએ સવ્વ સાહુણં

એસો પંચ નમુક્કારો

સવ્વ પાવ પ્પણાસણો
મંગલાણંચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

નમસ્કાર હોજો કર્મરૂપી શત્રુના નાશ કરનારને.
નમસ્કાર હોજો સિદ્ધ ભગવંતને.
નમસ્કાર હોજો આચાર્યજી મહારાજને.
નમસ્કાર હોજો ઉપાધ્યાયજી મહારાજને.
નમસ્કાર હોજો સર્વ સાધુજી મહારાજને.

એવા જે પાંચ પદના ધારણ કરનાર નવપદી નવકાર છે, તે સદા સર્વ કાર્યમાં અગ્રેસર મંગળીક ગણાય છે.

દેવ ગુરૂ ધર્મ દાન તપ
દયા શિયળ ભાવ વિદ્યા
કામ ક્રોધ લોભ સામાયક
સેવા માન મોહ વિશ્વાસ

જ્ઞાન આજ્ઞા રમા કુમતિ

સુમતિ સરસ્વતિ શ્રાવક

શ્રાવિકા સાધવી ઉપવન

સમતા સંવેગી ઉપાશ્રય

ચારિત્ર સંતોષ અરિહંત

ગણધર ભગવંત વાસુદેવ

પરોપકાર દેરાસર ભકિત

ચક્રવર્તિ દરશન સાધુજી

સ્વામીભાઇ પ્રતિક્રમણ

નં.	તિર્થંકરના નામ	વર્ણ	રાષી
૧	રિષભદેવજી	પીળા	ધન
૨	અજિતનાથજી	પીળા	વૃષ
૩	સંભવનાથજી	પીળા	મિથુન
૪	અભિનંદનસ્વામી	પીળા	મિથુન
૫	સુમતિનાથજી	પીળા	સિંહ
૬	પદ્મપ્રભુજી	લાલ	કન્યા
૭	સુપાર્શ્વનાથજી	પીળા	તુળ
૮	ચંદ્રપ્રભુજી	ધોળા	વૃશ્ચિક
૯	સુવિધિનાથજી	ધોળા	ધન
૧૦	શિતળનાથજી	પીળા	ધન
૧૧	શ્રીયાંસનાથજી	પીળા	મકર
૧૨	વાસુપૂજ્યસ્વામી	લાલ	કૂંભ

લંછન	નયરી.	માતા.	પિતા.
વૃષભ	વનિતા	મરૂદેવી	નાભિરા૦
હસ્તી	અયોધ્યા	વિજયા	જિતશત્રુ
ઘોડો	સાવથી	સેના	જિતારી
વાંદરો	અયોધ્યા	સિદ્ધાર્થા	સંવરરા૦
ક્રૌંચપક્ષી	અયોધ્યા	મંગળા	મેઘરાજા
પદ્મ ક૦	કોશંબી.	સુસીમા	શ્રીધરરા.
સાથીયો	વનારસી	પૃથિવી	પ્રતિષ્ઠરા
ચંદ્ર	ચંદ્રપુરી	લક્ષ્મણા	મહાસેન
મગરમછ	કાકંદી	રામા	સુગ્રીવ
શ્રીવત્સ	ભદ્દિલ૦	નંદા	દઢરથરા
ગેંડા	સિંહપુરી	વિષ્ણુમા	વિષ્ણુરા.
પાડો	ચંપાપુરી	જયામા.	વસુપુજ્ય

નં૦	તિર્થંકરનાં નામ.	વર્ણ.	રાષી
૧૩	વિમળનાથજી	પીળા	મીન
૧૪	અનંતનાથજી	પીળા	મીન
૧૫	ધર્મનાથજી	પીળા	કર્ક
૧૬	શાંતિનાથજી	પીળા	મેષ
૧૭	કુંથુનાથજી	પીળા	વૃષ
૧૮	અરનાથજી	પીળા	મીન
૧૯	મલ્લિનાથજી	નીળા	મેષ
૨૦	મુનિસુવૃતજી	કાળા	મકર
૨૧	નમીનાથજી	પીળા	મેષ
૨૨	નેમનાથજી	કાળા	કન્યા
૨૩	પાર્શ્વનાથજી	નીળા	તુળ
૨૪	મહાવીરસ્વામી	પીળા	કન્યા

લંછન.	નયરી.	માતા.	પિતા.
વરાહ	કંપિલ૦	શામા	કૃતવર્મ
સીચાણો	અયોધ્યા	સુયશા	સિંહસેન
વજ્ર	રત્નપુરી	સુવૃતા	ભાનુરાજા
હરીણ	ગજપુર	અચિરા	વિશ્વસેન
બકરો	ગજપુર	શ્રીરાણી	સુરરાજા
નંદાવર્ત્ત	ગજપુર	દેવીરાણી	સુદર્શન
કળસ	મથુરા	પ્રભાવતી	કુંભરાજા
કાછબો	રાજગ્રહી	પદ્માવતી	સુમિત્રરા.
કમળ	મથુરા	વિપ્રારા૦	વિજયરા૦
શંખ	સોરીપુર	શિવાદેવી	સમુદ્રવિ૦
સર્પ	વનારસી	વામાદેવી	અશ્વસેન
વાઘ	ક્ષત્રીકુંડ	ત્રિસલા૦	સિદ્ધારથ.

ગણધરના શિષ્યોની સંખ્યા.

નામ	સંશય.	શિષ્યની સંખ્યા.
ઈંદ્રભૂતિ	જીવછેકેનહી	૫૦૦
અગ્નિભૂતિ	કર્મછેકેનહી	૫૦૦
વાયુભૂતિ	દેહિનેજીવ એકજછે	૫૦૦
વ્યક્તસ્વામી	પંચભુત છેકેનહી	૫૦૦
સુધર્મા	આભવછેતેજપરભવ	૫૦૦
મંડીત્	બંધમોક્ષછેકેનહી	૩૫૦
મોર્યપુત્ર	દેવતાછેકેનહી	૩૫૦
અંકપિત	નર્કછેકે નહી	૩૦૦
અચલભ્રાત	પુન્ય પાપ છેકે નહી	૩૦૦
મેતાર્ય	પરલોક છેકે નહી	૩૦૦
શ્રીપ્રભાસ	નિર્વાણ છેકે નહી	૩૦૦

વેહરમાન તથા સતિના નામ.

વેહરમાનનાં નામ.	સતીનાં નામ.
૧ શ્રી મંદીર સ્વામી	૧ બ્રાહ્મી
૨ શ્રી જુગમંદીર સ્વા.	૨ સુંદરી.
૩ શ્રી બાહૂ સ્વામી	૩ ચંદનબાળા.
૪ શ્રી સુબાહુ સ્વામી	૪ રાજેમતી.
૫ શ્રી સુજાત સ્વામી	૫ દ્રૌપદી
૬ શ્રી સ્વયમ્ પ્રભ સ્વા.	૬ કૌસલ્યા.
૭ શ્રી રૂષભાનન્ સ્વા.	૭ મૃગાવતી.
૮ શ્રી અનંતવીર્ય સ્વા.	૮ સુલશા.
૯ શ્રી સુરપ્રભ સ્વામી	૯ સીતા.
૧૦ શ્રી વિમળ જીન સ્વા.	૧૦ સૌભદ્રા.

૧૧ શ્રીવજ્રધરં સ્વામી	૧૧ સિવા.
૧૨ શ્રીચંદ્રાનન સ્વામી	૧૨ કુંતા.
૧૩ શ્રીચંદ્રબાહુ સ્વામી	૧૩ શીળવતી.
૧૪ શ્રીભુજંગ સ્વામી	૧૪ દમયંતી.
૧૫ શ્રી નેમ્પ્રભ સ્વામી	૧૫ પુષ્પચુળા.
૧૬ શ્રી ઈશ્વર સ્વામી	૧૬ પ્રભાવતી
૧૭ શ્રી વયરસેન સ્વામી	શાશ્વતાજીનનાં નામ
૧૮ શ્રી મહાભદ્ર સ્વા.	૧ રૂષભાનન્.
૧૯ શ્રી દેવજસા સ્વા.	૨ ચંદ્રાનન
૨૦ શ્રી અજીતવિર્યં સ્વા.	૩ વારીક્ષેણ
વિશવેહરમાન.	૪ વર્ધમાન.

દેવગતિ, મનુષ્યગતિ, નર્કગતિ,
તિર્યંચગતિ, સિદ્ધગતિ, (મોક્ષગતિ)

પાઠ પેહેલો

ધુપ દિવો પુજા પુષ્પ જળ
સનાત્ર ચંદન કેશર નમણ
પ્રતિમા પુજારી અંગલુણું
વાળાકુંચી પ્રભાવના ફળ
નોકરવાળી કટાસણું ઘડી
ચરવળો મુહપત્તી પોરસી
ઉપવાસ સ્થાપના અઠ્ઠમ
નવકારસી એકાસણું છઠ્ઠ
પર્યુષણ આંબીલ પોસહ

પાઠ બીજો.

મગન તેં દેરાશર જોયું છે ?

હા, મેં દેરાશર જોયું છે.

તે દેરાસરમાં શું હોય છે ?

ત્યાં આપણા ભગવાનની પ્રતિમા હોય છે.

તે પ્રતિમાની પુજા કોણ કરે છે ?

પુજારી તથા શ્રાવકો કરે છે.

પુજામાં શું સામાન જોઈએ તે તું જાણે છે?

હા, ધુપ, દીપ, ચંદન, કેશર, પુષ્પ, અંગ-
લુણું વિગેરે.

અને મગન તેં ઉપાશ્રય જોયો છે ?


હા, મેં ઉપાશ્રય જોયો છે.

તે ઉપાશ્રયમાં કોણ રહે છે?

ત્યાં આપણા ગુરૂજી રહે છે.

પાઠ ત્રીજો.

રમતિયાળ છોકરા.



એક દિવસે નિશાળનો ટાઇમ થયા પેહલા કેટલાએક નાના છોકરા મળીને નિશાળના કબાટમાંથી કેટલાંએક પુસ્તકો લઇ રમવા લાગ્યા.

એક – આ ચોપડી કેવી મજાની છે.

બિજો – અરે, આ ચિત્ર કેવું મજેનું છે.

ત્રીજો – એ બધું ઠીક; પણ આ ચોપડીનું પુઠું કેવું મજાનું છે !

આમ બધા છોકરાઓ પુસ્તક લઈ ખેલતા જોઇ, એક મોટો છોકરો બોલ્યો. અરે મુરખાઓ, એ પુસ્તકોને એમ બગાડશો નહી. પુસ્તકને સાચવિયે તો આપણને વિદ્યા આવડે, એમ કહી પુસ્તકો સાચવિને નિશાળના કબાટમાં મુકયાં.

પાઠ ચોથો.

છોકરો અને મા.

પુત્ર–મા, આજે આપણે ઘેર આ વાજાં વાગે છે, બૈરાઓ ગીત ગાય છે, આ બધું શા માટે છે વારૂં ?

મા–ભાઇ, આજે તારી જન્મગાંઠનો દિવસ છે, ને વળી આજ તને છ વરસ પુરાં થયાં ને સાતમું વરસ બેસતાં તને આજ નિશાળે ભણવા મોકલવો છે, તેહની ખુશાલીમાં આ વાજાં વાગે છે.

પુત્ર–મા, મને કઇ નિશાળે ભણવા મોકલશો ? સરકારિ કે ગામઠી નિશાળમાં.

મા–બાપુ, તને તો આપણી જૈનશાળામાં મોકલશું, કેમકે ત્યાં આપણા ધરમનો તથા વેહવારીક બન્ને અભ્યાસ ચાલે છે.

પુત્ર.–મા, ત્યાં આપણા ધરમના ચૈત્ય વંદન, સામાયક, જે તું કરે છે તે બધું મને શિખવશે ?

મા–હા ભાઈ, તું જો તો ખરો ! તે નિશાળમાં જવાથી તારૂં ઘણું જ્ઞાન વધશે, પણ હવે તૂં ન્હાઈ કપડાં પેહરી તૈયાર થા, કેમકે જો પેલા તારા બાપા તારે બેસવા માટે ઘોડો લઈ આવ્યા.

આ સાંભળી, ઘોડો જોઇ મગન બહુ રાજી થયો ને હર્ષમાં ને હર્ષમાં, જલ્દી ન્હાઇ કપડાં પહેરી ઘોડા પર બેસી વાજતે ગાજતે નિશાળે ભણવા ગયો.

પાઠ પાંચમો.

નિશાળ.



મણીલાલ-અલ્યા છોકરાઓ, આજે તો પેલો મગન નિશાળમાં આવ્યો ત્યારે તેના બાપે મોટો વરઘોડો કાઢયો હતો; ને મને તો મારા બાપે નિશાળમાં બેસાડયો ત્યારે એક વાજું પણ વગાડયું ન હતું.

ચુનીલાલ-ભાઈસાહેબ, વાજાં વગાડવાં કાંઇ સેહલાં નથી, મગનનો બાપ તો મોટા ઉદાર ચિતવાળો છે; ને તમારા બાપ કંજુસના કાકા છે, ને મોટી વાતો કરવાવાળા છે. એમ બધા છોકરા વાતો કરે છે, તેટલામાં એક છોકરો આવી બોલ્યો, તમે બધા વાતોના તડાકા મારો છો; પણ પેલા

માસ્તર તથા ગુરૂજી બેઉ જણા આવ્યા, તે સાંભળી બધા છોકરા ચુપ થઇ બેસી ગયા.

ગુરૂજી–છોકરાઓ, કાલે તમોને નવકારનો પાઠ આપ્યો હતો તે થઇ ગયો ?

છોકરા-હા જી સાહેબ.

ગુરૂજી–આજનો પાઠ નવકારના અર્થનો છે તે કરજો, હવે હું ઉપલા વર્ગમાં જાઉં, ને તમારા પાસે માસ્તર આવશે, તેના પાસે ઉજળાણીનો પાઠ લઇ સારી રિતે અભ્યાસ કરજો ને પેલો નવીન છોકરો મગન આવ્યો છે તેની સાથે સંપીને ચાલજો. એમ કહી ગુરૂજી ઉપલા વરગમાં ગયા. ઉપલા વરગમાં જઈ એક છોકરાને કેહેવા લાગ્યા, કેમ માણેકચંદ ? તમારા વરગમાં ચોવીસ તીર્થંકારોનાં નામ ને અગીઆર ગણધરોનાં નામ વિગેરે જે કાંઇ પાઠ આપ્યા હતા તે તૈયાર છે ?

છોકરા-હાજી સાહેબ.

ગુરૂજી–છગન, ચૌદમા ભગવાન, સાતમી સતી ને પાંચમા ગણધરનું નામ શું ?

છગન–અનંતનાથજી, મૃગાવતી ને સુધર્માસ્વામી. આ પ્રમાણે ગુરૂજીએ બધાયને પ્રશ્ન પુછી બિજા દિવસનો પાઠ ભગવાનના માતા પિતાના નામ વિગેરેનો આપી ને છોકરાઓને છુટી આપી.

પાઠ છઠ્ઠો.

છોકરી અને મા.

છોકરી–મા, આજે સારા સારા કપડાં પેહરાવી તૂં મને કયાં લઇ જાય છે.

મા–સીતા, તને ખબર નથી? આજે આપણા ચોમાસાની ચૌદસનો મોટો દહાડો છે, તેથી આપણે દેરાસર જૈયે છીએ. જો પેલું દેરાસર આવ્યું, ને ત્યાં ગુરૂજી વખાણ વાંચે છે તે પણ સંભળાય છે, ચાલ આપણે જલ્દી જૈયે.

છો.–મા એ વખાણમાં તો કાંઇ સમજાતું નથી, પણ દેરાસરમાં તો બહુ મજા છે! જો પેલા દેરાસરના બારણા ઉપર કેવા ચિત્ર કાઢયાં છે, ને દેરાસરના અંદર પણ ઘણા ઘણા ચિત્ર અને પુતળાં જોવામાં આવે છે.

મા–ચાલ બા, તને તે ચિત્ર ને પુતળાં બતાવું એમ કહી દેરાસરમાં જાય છે.

પાઠ સાતમો

દેવ.

લક્ષ્મીબાઇ નામની એક બાઇ પોતાના પુત્રપુત્રીને પુછવા લાગી, છોકરાઓ, તમે જૈનશાળમાં જે ભણોછો, તે શું

ભણો છો તે કાંઈ મેં આટલા દહાડા સુધી જાણ્યું નહી. ત્યારે લલિતા નામની તેની છોકરી હતી તે બોલી મા અમારા ગુરૂ અમને દેવ કોણ છે તેની વ્યાખ્યા બતાવે છે, દેવ એટલે જીનેશ્વર દેવ, જેને વીતરાગ કહે છે, રાગ અને દ્વેષ જેને ત્યાગ્યા છે, કોઇનું ભલું બુરૂં જેને કરવું નથી, જેની સર્વ જગતના ઉપર સમદૃષ્ટી છે, એવા જે અરિહંત દેવની પ્રતિમા છે, તેને દેવ કહીયે.

મા.–લલિતા, જ્યારે તે કોઇનું ભલું બુરૂં કરતા નથી. ત્યારે તેની સેવા કરનારને કોણ ફળ આપેછે?

લલિતા.–જે અરિહંત દેવના (અનુચર) શાસન દેવતા તે અરિહંતની સ્તુતિ કરનાર માણસને જોઈ તેને ઈચ્છિત ફળ આપે છે.

મા.–આઇ તું મોટી ભાગ્યશાળી, કે તારો આ નગરમાં જન્મ થયો, ને સુગુરૂના પ્રસંગથી તું બધું જાણેછે. મારો જન્મ તો એક ગામડામાં થયો હતો, તેથી હું અજ્ઞાન હજી સુધી એમજ સમજુંછું કે ભલું બુરૂં ભગવાનજ કરતા હશે. પણ આજ મને ખબર પડીકે ભગવાનને કાંઇ સારૂં ખોટું કરવું નથી, સારૂં ખોટું બધું કર્મને આધિન છે. સારા ગુરૂની કૃપાથી દેવ કોણ, તેની ઓળખ પડી તેથી હું તને ભાગ્યશાળી ગણું છું. ચાલ હવે આપણે તે દેવના દર્શન કરી પાપથી મુક્ત થઇયે. એટલું કહી તે બન્ને દેરાશર ગયા.

પાઠ આઠમો.

ગુરૂ ભક્તિ.

એક વૃદ્ધ શ્રાવક પોતાના ચાર પુત્રોને કહેવા લાગ્યો. ભાઈ હવે તમે મોટા થયા તેથી હવે ધર્મ શું છે તે તમારે જાણવું જોઈએ, ને તે ધર્મ બતાવનાર કોણ તેને ઓળખવા જોઇએ.

પુત્ર—પિતાજી, ધરમને બતાવનાર કોણ?

પીતા—આ, સંસારમાં સર્વોપરી પરોપકારના કામ કરનાર જે મહા મુની છે, તેને ગુરૂ કહિયે.

પુત્ર—પિતાજી, શું દેવ કરતા પણ ગુરૂ મોટા કહ્યા છે?

પીતા—હા ભાઈ, ગુરૂ મહારાજની તો બલીહારી છે. સાંભળો ગુરૂ વિશે શાસ્ત્રમાં કેવા વચન કહ્યા છે;

દોહરો

અંધકાર ગૃહને વિષે, ચિંતામણી જો હોય;
પણ દીપક વિના રત્નને, દેખી શકે ન કોય. ૧
તેમ મિથ્યામતિ ગૃહ વિશે, દિપ્પ સમ ગુરૂ જેહ;
ઓળખાંણ કરી ધર્મની, દેવ બતાવે તેહ. ૨
તેહથી સર્વ જગત વિષે, તે મોટા કેવાય;
ભક્તિ કરતા ગુરૂતણી, ભવનાં પાતિક જાય. ૩

માટે હે પુત્ર દેવ થકી ગુરૂને અધીક માનીયે. પ્રથમ ગુરૂ હોય તો દેવ તથા ધરમનું જ્ઞાન આપે. વાસ્તે તમે ગુરૂની ભકિત વિશે કોઈ વખત ખામી કરશો નહી. એવા પિતાજીના વચન સાંભળી છોકરાઓ તે દિવસથી ગુરૂની ભકિત કરવા લાગ્યા.

પાઠ નવમો.

ધર્મ.

શિષ્ય–ગુરૂજી મહારાજ ધર્મ કોને કહીએ ?

ગુરૂ–ધર્મ ઓળખવો એ ઘણી મોટી બાબત છે, ને તે તું જ્યારે જીવ વિચાર, નવ તત્વ આદિ પ્રકરણ શીખીશ ત્યારે ખબર પડશે. પણ સાંભળ મુખ્ય તો ધર્મનો સાર દયામાં છે.

શિષ્ય–તે દયા કેને કહીયે ?

ગુરૂ–સાંભળ, કોઇ જીવને મારવો નહીં તેને દયા કહીયે. સર્વ ધર્મમાં કહ્યું છે કે (અહિંસા પરમોધર્મ) તેથી જૈન ધર્મનું મુળ દયા છે.

શિષ્ય–તે દયા કયા શાસ્ત્રમાં કહિ છે ?

ગુરૂ–સાંભળ, આપણા ધર્મના જે પિસતાલિસ આગમ છે તેની આજ્ઞા પ્રમાણે વર્તે તેનું નામ દયા ધર્મ છે. વળી વિનય કરવો તે પણ ધર્મ છે, એવા ધર્મના ઘણા પ્રકાર છે તે તું જ્યારે ઘણા સિધ્ધાંત જોઈશ ત્યારે તને માલમ પડશે.

શિષ્ય-ઠીક છે મહારાજ! આ પેહેલું પુસ્તક તૈયાર થયેથી હું પ્રકરણ વાંચીશ, એમ કહી પોતાના પાઠ તયાર કરવા લાગ્યો.

પાઠ દસમો.

સારો તથા નઠારો છોકરો.

દોહરો.

સર્વ સૂજ્ઞ બાળકવિષે, એક જો મુરખ હોય,
તેની સોબતે સુજ્ઞને, મુરખ કહે સહુ કોય.
માટે એવા બાળની, સોબત ન કરો કોય,
એવાની સોબત થકી, નામ નઠારૂં હોય.

એક દહાડે જૈન શાળામાં બધા છોકરા મળી અભ્યાસ કરતા હતા, તેટલામાં એક અદેખો છોકરો આવી બધાયને અભ્યાસ કરતા દેખી પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે મને કાંઈ ભણતાં આવડતું નથી, ને આ બધા ભણી હુશીયાર થશે. એમ વિચાર કરી કેટલાએક છોકરાની સાથે બોલવા લાગ્યો, કોઇનો સાંપડો લઈ લે, કોઇનું પુસ્તક લઈ લે, કોઇને લાત મારે, તો કોઈને ગાળ આપે. એવી રીતે સર્વને પોતાના અભ્યાસથી ચુકાવી રમતે લગાડયા. તેટલામાં એક ભલો છોકરો આવી કેહવા લાગ્યો "ભાઇયો" આ ભણવાનું સ્થાનક છે, કંઇ

રમવાનું નથી. તે બિચારાની વાત કોઇયે માની નહી; ને પેલા અટખા છોકરાની સોબતે એક બિજા ખુબ લડાલડી કરવા લાગ્યા. તેટલામાં બહારથી ગુરૂજી આવ્યા; ને સર્વે છોકરાઓને શિક્ષા કરી કેહવા લાગ્યા મુર્ખાઓ ! આ તમોને યોગ્ય છે ? હું તમોને ભણવાનું કહી ગયો હતો કે તમે બેઠા બેઠા ભણજો; પણ તમે તો પછવાડે ખુબ સારૂં ભણ્યા, બધા છોકરામાંથી મોહન કરી એક છોકરો બહુ શાંત સ્વભાવનો હતો, તે હાથ જોડી કેહવા લાગ્યો. મહારાજ આ બધાં કામ લક્ષમણના છે. અમે બધા ભણતા હતા પણ તેણે આવી ઘણી મસ્તી કરી, કોઇને ભણવા દિધુ નહીં. પછી ગુરૂજીએ તે લક્ષમણને ઘણું ધિક્કારીને શિક્ષા કરી, કેહવા લાગ્યા કે આજ પછી કોઈ દિવસ એવું કામ કરીશ નહીં, પછી તે ભલા છોકરાની પ્રસંસા કરી શાબાશી આપી ગુરૂજી તેના ઉપર બહુ રાજી થયા.

પાઠ અગ્યારમો.

પુસ્તકનો અવિનય.

મોતીલાલ કરી એક ઘણો ડાહ્યો, છોકરો હતો તે એક દિવસ એક પુસ્તક લઇ વાંચતો હતો પણ તે પુસ્તક કેમ સાચવવું તેનું જ્ઞાન ન હોવાથી તે ચોપડીને નીચે મુકી વાંચતો હતો, તેવામાં તેના પડોશમાં રહેનાર બીજા છોકરાએ રમતાં

રમતાં પાણીનો લોટો ઢોળી નાખ્યો, તેનું પાણી તે ચોપડીપર પડવાથી ચોપડી ઘણી ખરાબ થઈ. તેટલામાં તેને ઘરે એક સાધુજી મહારાજ વહોરવા આવ્યા, તે પેલા મોતીલાલ સામે જોઇ કહેવા લાગ્યા, છોકરા, એ પુસ્તક વાંચતી વખત સાંપડા ઉપર મુકીને વાંચીયે. નિચે રાખી વાંચવાથી તો પુસ્તકનો અવિનય થાય છે. તે અવિનયનું પાપ શાસ્ત્રમાં કેવું કહ્યું છે, તે તું જાણતો નથી.

મોતીલાલ—મહારાજ હું કાંઇ આ વાત જાણતો નથી, પણ મારા માસ્તરે પુસ્તક સાચવવા માટે ઘણી વખત સુચના કિધી હતી.

ગુરૂ—મોતીલાલ, સાંભળ. પૃસ્તકના અવિનયથી આ ભવમાં વિદ્યા ચડતી નથી. ને પરભવે આંધળા, બહેરા, મુંગા, મુર્ખ, અજ્ઞાની, જડબુદ્ધીવાળા, દરિદ્રી એવા અવતાર આવે છે માટે આ વાત ઉપર ધ્યાન આપી પુસ્તકનો ઘણો વિનય કરવો.

પૃસ્તકનો અવિનય કરવો એ મોટું પાપ છે, એમ કહી ગુરૂજી સ્વસ્થાને ગયા, ને મોતીલાલ તે દિવસથી પુસ્તક તથા શાસ્ત્રને સાચવી ઘણો વિનય કરવા લાગ્યો.

સમજુ અને ડાહ્યા છોકરા હમેશાં શિખામણની વાતો તરફ ધ્યાન આપી તે પ્રમાણે વર્તે છે અને નઠારા છોકરાઓને ગમે તેટલી શિખામણ આપે તો પણ કદિ માનતા નથી.

પાઠ ૧૨ મો.

સદાચાર.

ચોપાઇ.

સદાચરણમાં ચાલવું નીત, સઉની સાથે રાખવિ પ્રીત;
કોઇ સાથ ન લડવું ખચીત, એવિ છે સદાચારની રીત. ૧
કદિ કરવું નહિ જુઠું કામ, ઉભા રેવું ન એવે ઠામ;
સાચ કામમાં રાખવિ હામ, ખરૂં એહ સદાચાર નામ. ૨
ચોરિનું નહીં કરવું કામ, ચોરતણું મોઢું થાય શામ;
કરી મેનત મેળવે દામ, ખરૂં એહુ સદાચાર નામ. ૩
માતા પિતા ગુરૂજી જેહ, સિખ આપે જે માનવિ તેહ;
તેનિ ભક્તિમાં ભેળવે દેહ, ખરો પુત્ર સદાચારી તેહ. ૪
ભાઇબેન પાડોસી બાળ, રડવું લડવું તેહથી ટાળ;
હળીમળીને રેવુ ખુષાલ, સદાચારની પેરવિ માળ. ૫

માસ્તર—કેમ છોકરાઓ! ઉપરની કવિતા જે તમે ગાઈ તેનો અર્થ સમજ્યા કે?

માણેકલાલ—ના સાહેબ, બરાબર સમજ્યા નથી.

માસ્તર—એ કવિતા સદાચારની છે તેનો ભાવાર્થ એવો છે કે:-સઉની સાથે પ્રીતી રાખવી અને કોઈ સાથે લડવું નહીં, કાંઇપણ નબલું કામ કરવું નહીં, તેમ નબલા કામ કરનારની દોસ્તી કરવી નહીં, ચોરી કરવી નહીં, ચોરી વડે દ્રવ્ય મેલવવું નહીં, માતાપીતા અને ગુરૂજીની

શીખામણ માનવી, તથા તેઓની ભક્તિ કરવી, ભાઈબહેન અને પાડોસીના બાળકો સાથે લડવું નહીં, પણ હળી મળીને આનંદમાં રહેવું. આનું નામ સદાચાર છે.

હરગોવીંદ—સાહેબ ચોરી એટલે શું?

માસ્તર—ચોરી એટલે હરકોઈની કાંઈપણ ચીજ ધણીની રજા વગર અને છાનીરીતે લઇ લેવી તેનું નામ ચોરી. ચોરી કરનાર માણસનો કોઈ વિશ્વાસ કરતું નથી અને જ્યારે ચોરીના કામમાં પકડાય છે ત્યારે સરકાર તેને સજા કરે છે અને જેલમાં મોકલે છે જ્યાં તેને ઘણાંજ હલકાં કામ કરવાં પડે છે અને પરીણામે તે માણસ ઘણો દુઃખી થાય છે.

પાઠ ૧૩ મો.

દયા.

ગુ–છોકરાઓ ! આગળ તમને દેવ, ગુરૂ, અને ધર્મનિ વાત સમજાવી. હવે દયા કોને કહે છે તે હું તમને સમજાવું છું, જૈન ધર્મમાં દયા રાખવી એજ મોટો ધર્મ છે.

છો.–સાહેબ ! મારી મા પણ મને ઘણી વખત કહે છે કે, છોટુ આપણા ધર્મનું મુળ દયા છે પણ તે દયાને હું બરાબર જાણતો નથી.


ગુ.–કોઈ પણ જીવને મારવો નહીં એનું નામ દયા છે. જીવ ઘણી જાતના છે ને તેની સમજ તમને આગળ જીવ વીચાર નામનું પ્રકરણ ચાલશે ત્યારે સમજાશે, તે માંહેલી જીવની

થોડી સમજ હું તમને કહું તે સાંભળો. મુળ જીવના બે પ્રકાર છે, એક ત્રસ જીવ અને બીજા સ્થાવર જીવ. ઝાડ પાલા સાક ભાજીમાં જીવ છે તેને સ્થાવર કહીએ અને હાલતા ચાલતા જીવોને ત્રસ કહીએ. ત્રસ એટલે જેને સુખ દુખના ત્રાસની સમજ પડે છે ને હાલ ચાલ કરી એક ઠેકાણેથી બીજે ઠેકાણે જાય છે. જેવા કે, કીડી, મંકોડી, ધનેડા, ઈયળ, ભમરા, વીંછી, સરપ, દેડકા, ચકલા, પારેવા, મોર, ગાય, ભેંસ અને ઘોડા વીગેરે જીવને ત્રસ સમજવા. તેના ઘણા પ્રકાર છે તે તમે મોટા થશો ત્યારે સમજશો, પણ અત્યારે તો તમારે એજ સમજવાનું છે કે આપણને જો કોઇ બીજો મારે તો જેમ દુખ થાય છે, તેમજ આપણે જો બીજાને મારીએ તો તેને પણ તેટલુંજ દુખ થાય છે. એમ સમજી કોઇ પણ જીવને દુખ ન દેવું એનું નામ દયા છે.

છો.-આપની વાત હવે મારા સમજવામાં આવી. મારી બા રોજ ચુલો સળગાવતી વખતે ચુલો સાફ કરી જુવે છે. રોજ દાળચોખા વીગેરે જોઈ ઓરે છે. તે જોઇ અમારા પાડોસી દયાશંકરની મા રોજ મારી માની મશ્કરી કરીને હસતાં હતાં, કે તમે જૈની વેમી ઘણા, રોજ તે ચુલામાં ને લાકડામાં કયા જીવ બેઠા છે, મારો તો છોકરોજ દયાશંકર એટલે અમારા તો ઘરમાંજ દયા ભરી છે. એક દીવસે તેમના ચુલાના લાકડામાં એક કાન ખજુરો અરધો બળી ગયો, તે જોઇ દયાશંકરની બાયે મારી બાને બોલાવીને

કહ્યું કે, બેન હું તમારી મશ્કરી કરૂં છું પણ તમારો ધર્મ ખરો છે, જુવોને મારી ભુલથી આ બીચારો જીવ બળી મુવો. હું પણ આજથી તમારા માફક સર્વ ચીજને જોઇ કામ કરીશ.

ગુ.–ભાઇઓ જૈન ધર્મમાં દયા પાળવાની ઘણી ઘણી વાતો છે, તે બધી આ વખતે સમજી શકો નહીં, તો પણ તે માહેલી થોડી થોડી વાતો હું તમને સમજાવું છું.



જીવને ઇંદ્રીઓ પાંચ હોય છે–ઝાડ પાલાના જીવને એકજ ઇંદ્રી હોય છે. એટલે તેને ફકત એકલું શરીર હોય છે, તેવાને (સ્થાવર) એકેંદ્રી કહે છે. ઇયલ, અળસીયાં વિગેરે જીવોને બે ઇંદ્રી હોય છે, એટલે તેને શરીર તથા મોહું (જીભ) હોય છે. કીડી, મંકોડા એને ત્રેરેંદ્રી કહે છે, તેને શરીર, જીભ, અને નાક હોય છે. ભમરા, વીછી એને ચારેંદ્રી કહે છે એટલે એને ચાર ઇંદ્રી હોય છે, શરીર, જીભ, નાક અને આંખ હોય છે. ગાય, ભેંસ, ઘોડા વીગેરે તથા માણસોને પંચેંદ્રી કહે છે એટલે તેને પાંચ ઇંદ્રી હોય છે, શરીર, જીભ, નાક, આંખ અને કાન. પંચેંદ્રીના બે પ્રકાર છે. એક મનુષ્ય પંચેંદ્રી ને બીજા તીરીયંચ

પંચેંદ્રી, એમ તેની ઘણી સમજ છે, પણ તમે આ વખતે આટલું સમજી બરાબર ધ્યાનમાં રાખો કે સર્વ જીવોમાં પાંચ ઇંદ્રીવાળા માણશો સર્વથી ઉત્તમ છે. તમને માણસનો ભવ મળ્યો છે, તેથી બીજા સર્વ જીવપર દયા રાખવી. જુવો બાજુના ચીત્રમાં ગાય છે તે પણ પાંચ ઇંદ્રીવાળી છે પણ તે તીરીયંચ છે, મોઢેથી બોલી શકતી નથી. તેને આપણે ખાવા પીવા આપીએ ત્યારેજ તે ખાય પીયે છે. આપણે સ્વતંત્ર છીએ, ને તે પરતંત્ર છે, તેમજ બધી જાતના જનાવરો પશુ પક્ષીઓને માણસનો આધાર છે. તેમનાપર દયા રાખવી એ માણસ માત્રનું કામ છે ને તેવા જીવોની સારવાર કરવી તેનું નામ દયા છે. હજી પણ દયાની ઘણી વાતો છે પણ તમારે આ વખતે એટલું જરૂર યાદ રાખવું કે કોઈ પણ જીવને મારવો યા દુખ દેવું તેમાં પાપ છે. તેનુ રક્ષણ કરી તેની સારવાર રાખવી તેનું નામ દયા છે.

શ્રી સિદ્ધાચળજીનું ચૈત્યવંદન

ઈછાકારેણ સંદિસહ ભગવન્ ચૈત્યવંદન કરૂં ઈછં

નમુ સિદ્ધક્ષેત્ર સિદ્ધાચળને,
જ્યાં આદિજીનંદ બિરાજીયા;
પુર્વે નવાણું વાર પ્રભુજી જ્યાં,
ભાવ ધરિને પધારિયા. ૧

જ્યાં સુરજકુંડ સોહામણો,
શિતળ જળે કરિ શોભતો;
ત્યાં સ્નાન કરતાં પશુ ટળી,
નરવર થયો ચંદ ઓપતો. ૨

નિજ ભગનિ ભોગી ચંદ્રશેખર,
શુદ્ધ ભાવ ત્યાં ભાવતો;
ગિરિસ્પર્શ કરતાં પાપ ટાળી,
સર્વ કર્મ ખપાવતો. ૩

ગિરિવર નમી અતિ પાપ દમી,
કોટી ગમે થયા સિદ્ધ જ્યાં;
શુભ ધ્યાન ધરી કાઉસ્સગ્ગ કરી,
પાંડવ વર્યા શિવ નાર ત્યાં. ૪

એમ યાત્રા કરિ આદિજિનંદને,
ભાવથિ ભવિજન ભજો;
મનસુખ કહે યાત્રા કરૂં,
તે દિવસ મારો સફળ હજો. ૫

જં કિંચિ

જં કિંચિ નામ તિથ્થં, સગ્ગે પાયાલિ માણુસે લોએ,
જાઇં જિણબિંબાઇં, તાઇં સવ્વાઇં વંદામિ. ૧

નમુથ્થુણં અથવા શક્રસ્તવ

નમુથ્થુણં અરિહંતાણં, ભગવંતાણં. ૧
આઇગરાણં, તિથ્થયરાણં,
સયં સંબુદ્ધાણં. ૨
પુરિસુત્તમાણં, પુરિસ સીહાણં,
પુરિસ વર પુંડરીઆણં,
પુરિસ વર ગંધહથ્થીણં. ૩
લોગુત્તમાણં, લોગ નાહાણં,
લોગ હિઆણં, લોગ પઇવાણં,
લોગ પજ્જોઅગરાણં. ૪
અભય દયાણં, ચખ્ખુદયાણં,
મગ્ગદયાણં, સરણ દયાણં,
બોહિ દયાણં. ૫
ધમ્મ દયાણં, ધમ્મદેસિયાણં,
ધમ્મ નાયગાણં, ધમ્મ સારહીણં,
ધમ્મ વર ચાઉરંત ચક્કવટ્ટીણં. ૬
અપ્પડિહય વર નાણ દંસણ ધરાણં,
વિઅટ્ટ છઉમાણં. ૭
જિણાણં જાવયાણં,
તિન્નાણં તારયાણં, બુદ્ધાણં બોહયાણં,
મુત્તાણં મોઅગાણં. ૮

સવ્વન્નૂણં સવ્વ દરિસિણં,
સિવમયલ મરૂઅ મણંત મક્ખય
મવ્વાબાહ મપુણરાવિત્તિ
સિદ્ધિ ગઈ નામધેયં,
ઠાણં સંપત્તાણં, નમો જિણાણં
જિઅ ભયાણં. ૯
* જેઅ અઈઆ સિદ્ધા,
જેઅ ભવિસ્સંતિ ણાગએ કાલે,
સંપઇઅ વટ્ટમાણા,
સવ્વે તિવિહેણ વંદામિ. ૧૦

જાવંતિ ચેઈઆઈં

જાવંતિ ચેઇ આઇં, ઉડ્ઢેઅ અહે અ તિરિઅ લોએ અ,
સવ્વાઈં તાઇં વંદે, ઇહ સંતો તત્થ સંતાઇં. ૧

ઇચ્છામિ ખમાસમણો,
વંદિઉં જાવણિજ્જાએ નિસીહિઆએ,
મથ્થએણ વંદામિ.

જાવંતકેવિ સાહૂ, ભરહેરવય મહાવિદેહે અ,
સવ્વેસિં તેસિં પણઓ, તિવિહેણ તિદંડવિરયાણં. ૧

---

* આ ગાથા તપ ગછવાલા કહે છે ને કેટલાએક ગછવાલા કેતા નથી.

નમસ્કાર

નમોઽર્હંતસિધ્ધાચાર્યોપાધ્યાય સર્વ સાધુભ્ય:

---

૧૭ અથ ઉપસર્ગહરસ્તવન.

ઉવસગ્ગ હરં પાસં,
પાસં વંદામિ કમ્મઘણમુક્કં,
વિસહરવિસનિન્નાસં, મંગલકલ્લાણઆવાસં. ૧.
વિસહર ફુલિંગમંતં,
કંઠે ધારેઇ જો સયા મણુઓ, તસ્સ ગહ રોગ મારી,
દુટ્ઠ જરા જંતિ ઉવસામં. ૨.
ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્જપણામોવિ બહુ ફલો હોઇ,
નર તિરિએ સુવિ જીવા,
પાવંતિ ન દુખ્ખ દોગચ્ચં. ૩.
તુહ સમ્મત્તે લધ્ધે, ચિંતામણિ કપ્પ પાય વબ્ભહિએ,
પાવંતિ અવિગ્ઘેણં, જીવા અયરામરંઠાણં. ૪.
ઇસ સંથુઓ મહાયસ,
ભત્તિભર નિબ્ભરેણ હિઅએણ, તાદેવ દિજ્જબોહિં,
ભવેભવે પાસ જિણચંદ. ૫.
પદ (૨૦) સંપદા (૨૦) ગુરૂ (૨૦) લઘુ (૧૬૫) સર્વ વર્ણ (૧૮૫).

જયવીઅરાય.

જય વીઅરાય જગગુરૂ,
હોઉ મમં તુહ પભાવઓ.
ભયવં ભવ નિવ્વેઓ.
મગ્ગાણુ સારિઆ ઇઠ્ઠ ફલસિદ્ધિ. ૧
લોગ વિરૂદ્ધચ્ચાઓ,
ગુરૂજણ પૂઆ, પરથ્થ કરણંચ,
સુહગુરૂજોગો, તવ્વયણ,
સેવણા આભવ મખંડા. ૨
વારિજજઈ જઇવિ નિઆણ બંધણં.
વીઅરાય તુહ સમએ,
તહવિ મમ હુજજ સેવા,
ભવે ભવે તુમ્હ ચલણાણં. ૩
દુખ્ખખઓ, કમ્મખઓ,
સમાહિમરણં ચ બોહિલાભો અ,
સંપજજઓ મહ એઅં,
તુહ નાહ પણામ કરણેણં. ૪
સર્વમંગલમાંગલ્યં,
સર્વ કલ્યાણ કારણમ્,
પ્રધાનં સર્વ ધર્માણાં,
જૈનં જયતિ શાસનમ્.

અરિહંતચેઈઆણં

અરિહંત ચેઇઆણં, કરેમિકાઉસ્સગ્ગં. ૧
વંદણ વત્તિઆએ, પૂઅણ વત્તિઆએ,
સક્કાર વત્તિઆએ, સમ્માણ વત્તિઆએ,
બોહિલાભ વત્તિઆએ, નિરૂવસગ્ગ વત્તિઆએ. ૨
સદ્ધાએ, મેહાએ. ધિઇએ, ધારણાએ, અણુપ્પેહાએ,
વઢ્ઢમાણીએ, ઠામિ કાઉસ્સગં. ૩

અન્નથ ઉસસિએણં

અન્નથ્થ ઉસસિએણં, નીસસિએણં.
ખાસિએણં, છીએણં, જંભાઇએણં.
ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં,
ભમલિએ, પિત્તમુચ્છાએ. ૧
સુહુમેહિં અંગસંચાલેહિં,
સુહુમેહિં ખેલ સંચાલેહિં
સુહુમેહિં દિઠ્ઠિ સંચાલેહિં. ૨
એવમાઇએહિં આગારેહિં
અભગ્ગો, અવિરાહિઓ,
હુજજમે કાઉસ્સગ્ગો. ૩
જાવ અરિહંતાણં, ભગવંતાણં,
નમુક્કારેણં, ન પારેમિ. ૪

તાવકાયં, ઠાણેણં, મોણેણં,
* ઝાણેણં, અપ્પાણં વોસિરામિ. ૫

શ્રી સિદ્ધાચળજીની થોય.

સર્વ તિર્થમાં મોટું, તિર્થ સેત્રુંજય જાણ,
ત્યાં મિથ્યા તિમર ટળિ, ઉપજે કેવળ નાંણ,
જેમ તિમરને ટાળે, પ્રહ ઉગમતો ભાંણ,
તેમ તે ગિરિ ચડતાં, કેઈ ગયા નિરવાણ. ૧

શ્રી સિદ્ધાચળજીનું સ્તવન

સિધ્ધાચળ જૈયેં, સજન મોરા સિદ્ધાચળ જૈયે,
જે જિનવર ભજીયે સ૦ એ ટેક.
ભાવ ધરિ એ ગીરિવર ભેટી,
પાપ સરવ દમિયેં. સ૦ ૧
એક એક પગ ગિરિ સનમુખ જઈ,
અતિ ભાવ થકી નમીયેં. સ૦ ૨

---

* આંહીયા એક નવકારનો કાઉસગ્ગ કરવો ને પછે એક થોય કહીને કાઉસગ્ગ વારવો.

નિત નિત પુજા કરી પ્રભુ આગે,
નૃત કરી રમીયે. સ૦ ૩

કેશર ચંદન વળી કસ્તૂરિશું,
આંગી અછી કરિયે. સ૦ ૪

જાત્રા નવાણું કરતાં એ ગીરિપર,
કાળ વ્યતી ક્રમિયે. સ૦ ૫

તેમ નવાણું વાર ચડીને,
ક્રુર કરમ તજીયે. સ૦ ૬

છારિપાળી સહુ સંઘ મળીને,
ગુરૂ સાથે ચડિયે. સ૦ ૭

મનસુખ એણીવિધ યાત્રા કરતાં,
મોક્ષ વધુ વરિયે, સ૦ ૮

→ સમાપ્ત. ←

જૈન ધર્મ સિન્ધુ.

આ ગ્રંથમાં આઠ પરિચ્છેદ છે જેમાં:-પ્રથમ પરિચ્છેદમાં સર્વ ગચ્છોના પ્રતિક્રમણ છે; બીજામાં ચૈત્યવંદનોનો સંગ્રહ, થુઇયોનો સંગ્રહ, નવપદાદિ ગુણના વિસ્તાર છે; ત્રીજામાં દિન-કૃત્ય; રાત્રિકૃત્ય, માસકૃત્ય, વર્ષકૃત્ય, જન્મકૃત્ય, સવિસ્તાર છે; ચોથામાં નાના મોટા સ્તવનોનો સંગ્રહ છે; પાચમામાં પંચપર્વી પ્રમુખ સઝાય સંગ્રહ છે; છઠામાં ગૌતમ સ્વામીનો મોટો રાસ તથા ભક્તામર આદિ ઘણા સ્તોત્ર છે; સાતમામાં પાક્ષીકસૂત્ર, શ્રમણ સૂત્રાદિ સાધુઓની ક્રિયાવિધિ છે; આઠમામાં શ્રાવકોના સોળ સંસ્કાર (લગ્નાદિ વિધિ) છે. આ પ્રમાણે ઉક્ત ગ્રંથ ડેમી આઠપેજી ઉંચા કાગળ ઉપર ૧૧૧ ફાર્મ (પૃષ્ટ સંખ્યા ૮૮૮) મુંબઈ નિર્ણય સાગર પ્રેસમાં સુંદર ટાઈપથી છપાઇ અને ઉત્તમ બાંધણીથી બંધાઇ બહાર પડેલ છે. કીંમત રૂ. ૩

મળવાનું ઠેકાણું:—

એમ. એન. પંડીત. કામાટીપુરા બીજી ગલી નંબર ૧૫૩ મુંબઇ.

શા૦ લાલચંદ છગનલાલ શ્રી જૈન શ્વેતાંબર શ્રેયસ્કર
વર્ગના ઓ. સેક્રેટરી ઠે. કામાટીપુરા બીજી ગલી.
નં૦ ૧૫૩ મુંબઇ. પોષ્ટ ભાયખલા.

જાહેર ખબર

પ્રસિદ્ધ કર્ત્તા એમ. એન. પંડિત,

નીચે લખેલાં પુસ્તકો નીચે લખેલા ઠેકાણે મ[illegible]

જૈન ધર્મ સિન્ધુ ભાગ ૧ લો	કીં. [illegible]
,, ,, ભાગ ૨ જો	કીં. [illegible]
બે ભાગ સાથે	કીં. ૧
પંચ પ્રતિક્રમણ સુત્ર	કીં. ૦
જૈન સંસ્કાર વિધિ	કીં. ૦
બાળમિત્ર સ્તવનાવળી ભાગ ૧ લો ...	કીં. [illegible]
,, ,, ભાગ ૨ જો ...	કીં. ૦
શ્રી જીનમંડલી સ્તવનાવલી	કીં. ૦
જૈન ગરબાવલી	કીં. ૦-૩-૦
જૈન ધર્મ શિક્ષણ	મફત
પાચોરા સ્તવનાવળી	મફત

લાલચંદ છગનલાલ.

ઓ૦ સેક્રેટરી શ્રી શ્વેતાંબર શ્રેયસ્કર વર્ગ.

કામાટીપુરા બીજી ગલી જૈનશાળા નં૦ ૧૫૩, ભાયખલા-મુંબઈ.

તથા

વાડીલાલ હાથીભાઇની દુકાને અહમદનગર.

તથા

શ્રી જીન મંડલીની ઑફીસ,

નવા દેરાસરમાં બાલાપુર-(વરાડ.)

પાચોરા જૈન સ્તવનાવળી તથા જૈન ધર્મ શિક્ષણ અરધા આનાની ટીકીટ મોકલવાથી મફત મોકલવામાં આવશે.